જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૦/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૨૧૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી ૨૫૬ લીટર દેશી દારૂ, ૧૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**નકલી પોલીસે બળજબરીથી સોનાની વીંટી અને રૂપિયા કઢાવી લીધાઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૨/૧૫**

**કાગડાપીઠ :** માવજીભાઈ હિરાભાઈ ખેતરીયા (ઉ.વ.૬૦) (રહે.આનંદપાર્ક સોસાયટી મધુવન પાર્ટી પ્લોટની બાજુમાં ઈસનપુર) તા.૨૮/૧૦/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે કાંકરીયા રેલવેયાર્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નકલી પોલીસે માવજીભાઈને લાફો મારી પોલીસની ઓળખ આપી માવજીભાઈ પાસેથી બળજબરીથી સોનાની વિંટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫૦૦/- મળી કુલ રૂપિયા ૨૩,૫૦૦/- મતા કઢાવી લઈ પલાયન થઈ ગયો હતો. આ અંગેની ફરીયાદ માવજીભાઈ ખેતરીયાએ તા. ૨૯/૧૦/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૩/૧૫**

**શાહીબાગઃ** ભાવનાબહેન જશવંતસિહ સોલંકી (ઉ.વ.૨૪) (રહે. રુમ નંબર ૧૭ ડી/૮ ડોકટર રેસીડેન્સ સિવિલ હોસ્પી શાહીબાગ) એ તા.૨૯/૧૦/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૫ કલાક ૭/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન રહેણાંકમાંથી બે લેપટોપ નંગ-૨ અને ફોન નંગ-૨ મળી કુલ કિમત રૂપિયા ૫૬,૦૦૦/- મતાની આજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી પી કે ખાટ ચાલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૪/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** રફીકભાઈ કાસમભાઈ (રહે.અલ/અસ વિભાગ-૩ કાદરી પાર્ટી પ્લોટની પાછળ સરખેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૧૫ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે એસ પી રીંગ રોડ ભાડજ સર્કલથી ઓગણજ સર્કલ વચ્ચે આરોપી ટ્રક નંબર જીજે ૩ એટી ૩૦૧૩ ના ચાલક અસલમભાઈ મુદ્દીન શેખ (રહે.સંચોલી હરીયાણા) એ ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટ્રક પલટી ખવડાવતા અકરમભાઈ હસનમહમ્મદને ગંભીર ઈજાઓ થતા મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શહેરકોટડાઃ** જગદીશભાઈ મોતીભાઈ વાઘેલા (રહે.સી કોલોની અશોકમીલ પાસે નરોડા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૧૫ સાંજના ૭/૨૦ વાગ્યાના સુમારે વિજયમીલ ફાયર સ્ટેશન સામે બીઆરટીએસ રોડ નજીક અજાણ્યા બીઆરટીએસ બસના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રીક્ષા નંબર જીજે ૨૭ યુ ૧૨ ને ટક્કર મારતા રીક્ષામાં બેઠેલ જગદીશભાઈના મામા છગનભાઈ મોતીભાઈ વાઘેલા (ઉ.વ.૪૬) ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી ડીંડોર ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૧૫/૧૫</u>**

| | |
|---|---|
| **વાડજઃ** શિલ્પાબહેન મહેશભાઈ પરમાર (ઉ.વ.૨૩)(રહે.જય ચામુંડાની ચાલી રામાપીરનો ટેકરો જુના વાડજ) તા.૨૩/૮/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી દશામાના મંદિરે દર્શન કરવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. જાંબલી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે.જમણા હાથે છુંદણાથી ટપકા કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વાડજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૯૯૬૪૦) |  |
| **નરોડાઃ** વંદનાબહેન કિશનભાઈ સોલંકી (ઉ.વ.૧૯) (રહે. ગરીબ આવાસ યોજના નરોડા) તા.૨૫/૧૦/૧૫ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે દેવરાજ રેસીડન્સી નરોડા ખાતેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **નરોડાઃ** પ્રકાશભાઈ નરસિહભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૩) (રહે. મધુવન સોસાયટી નરોડા) તા.૨૨/૧૦/૧૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી નવરાત્રીના ગરબા જોવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કથ્થઈ રંગનુ શર્ટ અને કાળા રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **વસ્ત્રાપુરઃ** હિતેશ દિનેશકુમાર કલાસુસા (ઉ.વ.૮)(રહે.પ્રભુવન એપાર્ટમેન્ટ અંજલી ચાર રસ્તા પાલડી) તા.૧૪/૧૦/૧૫ કલાક 3/30 વાગ્યાના સુમારે મેમનગર ગુરૂકુળ રોડ ઓનેસ્ટ હોટલની સામે રાજસ્થાનથી આવતા બસમાંથી મળી આવ્યા ન હતા. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનુ શર્ટ અને છીંકણી રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૩ ફુટ ૬ ઈંચ છે. (વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૫૧૯૦૨) |  |
| **સરખેજઃ** ઝુબેદાબહેન ઈબ્રાહીમખાન પઠાણ (ઉ.વ.૪૫) (રહે.સિપાહીવાસ હુસેનભાઈ જાંબુબાબાના મકાનમાં સરખેજ) તા.૩/૧૦/૧૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનો બુરખો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સરખેજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૨૧૩૮૫) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)